ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન
**Indian Institute of Teacher Education**
(A State Public University established by Government of Gujarat)

## ટ્રાન્સફર અંગેની સૂચનાઓ

1. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માં આઈ.આઈ.ટી.ઈ. સંલગ્ન કોલેજોના બી.એડ. કોર્સમાં એડમીશન લેનાર વિદ્યાર્થીઓ માટે બીજા સેમેસ્ટરથી યુનિ. સંલગ્ન કોલેજોમાં હાલમાં ખાલી પડેલ/ સંભવિત ખાલી પડનાર જગ્યાઓ સામે ટ્રાન્સફર માટેની પ્રક્રિયામાં નીચે જણાવેલ યોગ્યતા પરિપૂર્ણ કરતા ઉમેદવારોએ આગળની સુચના મુજબ કાર્યવાહી કરવી
   i. સેમેસ્ટર-૧ નું પ્રાયોગિક કાર્ય અને આંતરિક પરીક્ષા પૂર્ણ કરેલ હોવી જોઈએ
   ii. સેમેસ્ટર-૧ ની યુનિવર્સીટીની પરીક્ષા આપેલ હોવી જોઈએ.
   iii. સેમેસ્ટર-૧ ની હાજરી નિયમાનુસાર હોવી જોઈએ જે માટે જે-તે કોલેજના પ્રિન્સીપાલશ્રીએ હાજરી નિયમાનુસાર છે તે મુજબનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.
2. ઉપરોક્ત (1) મુજબ યોગ્યતા ધરાવતા વિદ્યાર્થીઓએ તા. ૦૨/03/૨૦૨૧ ના સાંજે ૬ વાગ્યે મુકવામાં આવનાર કોલેજ-વાઈઝ મેથડ-વાઈઝ ખાલી જગ્યાનું લીસ્ટ જોઈ લેવું.
3. કોલેજ-વાઈઝ ખાલી પડેલ/પડવાપાત્ર જગ્યાઓ માટે આગામી સમયમાં યુનિ. દ્વારા થનાર ટ્રાન્સફરની પ્રક્રિયામાં ભાગ લેવા માટે યુનિવર્સીટીની વેબસાઈટ પરની લીંક પર જઈ તમારો એનરોલમેન્ટ નંબર લખી અને રૂ. ૧૦૦૦/- પ્રોસેસિંગ ફી પેટે ભરવાના રહેશે જે નોન-રીફંડેબલ છે.
4. ટ્રાન્સફર પ્રક્રિયામાં ભાગ લેવા માટેની ફી ભરવાની સમયમર્યાદા તા.૦૬/03/૨૦૨૧ ના સાંજે ૬ વાગ્યા સુધીની રહેશે. ત્યારપછી કોઈ પણ સંજોગોમાં ટ્રાન્સફરની પ્રક્રિયામાં ભાગ લઇ શકાશે નહિ તે ધ્યાને રાખવું
5. ટ્રાન્સફરની પ્રક્રિયા એડમીશનની પ્રક્રિયાની જેમ જ મેથડ-વાઈઝ મેરીટને આધારે થશે. એક વિદ્યાર્થીને માત્ર એક જ વાર ઓપ્શન આપવામાં આવશે. કોઈપણ સંજોગોમાં એક વાર ઓપ્શન સિલેક્ટ કર્યા બાદ બદલી શકાશે નહિ. જે કોલેજમાં વિદ્યાર્થીની બંને મેથડ ચાલતી હશે તે કોલેજમાં જ ટ્રાન્સફર આપવામાં આવશે. વિદ્યાર્થીએ કોલેજ અને મેથડની વિગતો જોઈને જ જે-તે કોલેજ સિલેક્ટ કરવાની રહેશે.

પ્રો.(ડો.) હિમાંશુ સી. પટેલ
રજીસ્ટ્રાર

જા.ક્ર. આઈ.આઈ.ટી.ઈ./રજી.સેલ./૨૦૮૬/૨૦૨૧
તા. ૦૧/03/૨૦૨૧

નકલ રવાના :
1. પી.એસ. ટુ વી.સી
2. પી.એ. ટુ રજીસ્ટ્રાર
3. આચાર્યશ્રી, તમામ સંલગ્ન કોલેજોને જાણ અને આગળની કાર્યવાહી સારું
4. આઈ.આઈ.ટી.ઈ. ના સંબંધિત વિભાગોને જાણ અને જરૂરી કાર્યવાહી સારું